

રિલાયન્સ ફાઉન્ડેશન સ્વચ્છતાને પ્રોત્સાહન આપવાના હેતુથી SWACHHATA HI SEVA 2024 પહેલમાં ભાગ લેવા બદલ ગર્વ અનુભવે છે. રિલાયન્સ ફાઉન્ડેશને ૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ અમદાવાદના થલતેજ ક્રોસ રોડ ખાતે સ્વચ્છતા અભિયાન #WECARE4SWATCHHATAનું આયોજન કર્યું.★

# વર્ષ ૨૦૨૫ની બોર્ડની પરીક્ષાઓ સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ યોજાશે

નવી દિલ્હી, તમામ પરીક્ષાઓમાં ચોરીઓની વધતી ઘટનાઓને જોતા હવે CBSEએ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓમાં પણ વધારાની તકેદારી રાખવાનો નિર્ણય લીધો છે. જેને ધ્યાનમાં રાખીને પ્રથમ વખત સીબીએસઈએ બોર્ડની પરીક્ષાઓ સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ યોજવાનો નિર્ણય કર્યો હતો

બોર્ડે શુક્રવારે જાહેર કરેલા નોટિફિકેશનમાં સ્પષ્ટ કર્યું છે કે વર્ષ ૨૦૨૫ની બોર્ડની પરીક્ષાઓ સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ યોજાશે. આ માટે જે પણ શાળામાં પરીક્ષા કેન્દ્રો બનાવવામાં આવશે, તેણે દરેક રૂમમાં સીસીટીવી કેમેરા લગાવવા પડશે. સીબીએસઈ દ્વારા માત્ર સીસીટીવી કેમેરા ધરાવતી શાળાઓને જ બોર્ડ પરીક્ષા કેન્દ્ર બનાવવામાં આવશે. પરીક્ષા ખંડ ઉપરાંત, તમામ પરીક્ષા કેન્દ્રોમાં, શાળાના પ્રવેશથી માંડીને સીડી વગેરે તમામ જગ્યાએ કેમેરા ગોઠવવામાં આવશે જેથી ઉમેદવારો સતત કેમેરાની દેખરેખ હેઠળ રહે. કેન્દ્રોએ સીસીટીસીના વિડિયો બોર્ડ પરીક્ષાના પરિણામોને રિલીઝ થયાના બે મહિના સુધી સાચવવા પડશે જેથી જ્યારે જરૂર પડે ત્યારે જોઈ શકાય.

CBSE શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હોવા છતાં પરીક્ષા ખંડમાં કેમેરા લગાવવામાં આવ્યા ન હતા. હવે ત્યાં પણ સારી ગુણવત્તાના કેમેરા લગાવવામાં આવશે. હવે આ શાળાઓએ પરીક્ષાના યોગ્ય સંચાલનને લગતી સૂચનાઓને અનુસરીને વધારાની તૈયારીઓ કરવી પડશે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ શાળામાં કેમેરા નહીં હોય તો ત્યાં પરીક્ષા કેન્દ્ર આપવામાં આવશે નહીં. નોંધનીય છે કે ૨૦૨૫ બોર્ડની પરીક્ષાઓ નવી શિક્ષણ નીતિ હેઠળ યોજાશે. CBSE એ દાવો કર્યો છે કે આ વર્ષે લગભગ ૪૪ લાખ વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા આપશે. તાજેતરમાં સીબીએસઈ બોર્ડે બોર્ડની પરીક્ષા માટે રજીસ્ટ્રેશન શરૂ કર્યું હતું. રજીસ્ટ્રેશન વિન્ડો ૧૬ ઓક્ટોબર સુધી ખુલ્લી રહેશે. બોર્ડની પરીક્ષાઓના સંદર્ભમાં CBSE મોટા પાયે પરીક્ષાઓને સરળ અને ન્યાયી રીતે આયોજિત કરવા માટે કામ કરી રહી છે.

JM FINANCIAL

**જેએમ ફાઈનાન્સિયલ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ**
કોર્પોરેટ ઓળખ નં. U67190MH2007PLC174287
રજીસ્ટર્ડ ઓફિસ : સાતમો માળ, એનર્જી અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ - ૪૦૦૦૨૫.
સંપર્ક વ્યક્તિ : વરીયા વલ્લભભાઈ-૯૮૨૫૨૬૩૬૫૫, વિશાલ કેટેલે-૯૫૮૪૯૬૬૬૫૩, જ્યોતિ સવંત-૦૨૨-૬૨૨૪૧૬૭૬

**ઈ-હરાજી વેચાણ નોટીસ – તાજુ વેચાણ**

ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (સરફેસી એક્ટ) જેએમએફએઆરસી (જેએમ) (અહીં અસાઈની તરીકે ઓળખવામાં આવે છે) ની તરફેણમાં ૨૯ માર્ચ, ૨૦૨૩ ના રોજ અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ JMFARC-Aranya - Trust (સોંપણી કરાર) દ્વારા તેની ક્ષમતામાં કાર્ય કરે છે. તે સૂચિત કરવા માટે છે કે પીરામલ કેપિટલ અને હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ અંતર્ગત સુરક્ષા હિત સાથે લોનનો એક પૂલ (નીચે દર્શાવેલ લોન સહીત) અસાઈન કરેલ છે જે જોતાં તમામ ઓપરેશનલ અને કાર્યવાહી પ્રક્રિયાઓને સરળ બનાવવા માટે પીસીએચએફએલ સેવા પ્રદાતા / સંગ્રહ તરીકે કાર્ય કરવા માટે અધિકૃત અને નિયુકત કરવામાં આવેલ છે. સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ અસાઈમેન્ટ / સર્વિસ એગ્રીમેન્ટની કલમ ૫(૧) (બી) હેઠળ તમામ હકો, શીર્ષક અને તેના પરના હિત સાથે સરફેસી એક્ટ - ૨૦૦૨ હેઠળ સિક્યોર્ડ ક્રેડીટરના અધિકૃત અધિકારી દ્વારા અહીં ઉલ્લેખિત સુરક્ષિત મિલકતનો કબજો લેવાનાં અનુસંધાનમાં, ઉધારકર્તાઓ પાસેથી બાકી રકમની વસુલાત માટે, નીચે આમંત્રિત કરવામાં આવે છે. જે કબજામાં છે, જેમ છે તે પ્રમાણે છે, જેમ છે તે પ્રમાણે છે અને જેમ છે તે આધાર છે, જેની વિગતો નીચે આપેલ છે.

| લોન કોર્ડ/શાખા / ઉધારકર્તાઓ / સહ-ઉધારકર્તાઓ/જામીનદારો | ડીમાન્ડ નોટીસ ની તારીખ અને રકમ | મિલકતનું સરનામું | અનામત કિંમત | અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) (10% of RP) | બાકી લ્હેણી રકમ (૨૭.૦૯.૨૦૨૪) |
|---|---|---|---|---|---|
| Loan Code No. 13800001437 ચાંદખેડા (શાખા), કૈલાશચંદ્ર સી કલાલ (ઉધારકર્તા), રેખાબેન કૈલાશચંદ્ર કલાલ (સહ-ઉધારકર્તા-૧) | ૧૯.૧૨.૨૦૧૯ રૂા. ૧૪,૦૬,૦૩૦/- (રૂા. ચૌદ લાખ છ લાખ ત્રીસ પુરા) | તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકત એટલે કે યુનિટ નં. ડી/૩૦૨, શ્રી વિરાજ રેસીડેન્સી, મારૂતિ રેસીડેન્સીની પાસે, સિંગરવા લેકની સામે, કઠવાડા રોડ, અમદાવાદ - ૩૮૨૪૩૦. ચતુ:સીમા :- ઉત્તરે : ટીપી રોડ, દક્ષિણે : ફલેટ નં. ડી-૩૦૧, પૂર્વે : ફલેટ નં. ૩૦૩, પશ્ચિમે : સોસાયટી રોડ. | રૂા. ૧૨,૮૦,૦૦૦/- (રૂા. બાર લાખ એંસી હજાર પુરા) | રૂા. ૧,૨૮,૦૦૦/- (રૂા. એક લાખ અઠયાલીસ હજાર પુરા) | રૂા. ૨૩,૯૫,૧૧૪/- (રૂા. ત્રેવીસ લાખ પચ્ચાણું હજાર એકસો ચૌદ પુરા) |

**ઈ-હરાજીની તારીખ : ૧૨.૧૧.૨૦૨૪, સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ વાગ્યા સુધી (૫ મિનિટના અમર્યાદિત વધારા સાથે)**
**બીડ ભરવાની છેલ્લી તારીખ : ૧૧.૧૧.૨૦૨૪ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે**

વેચાણના વિગતવાર નિયમો અને શરતો, કૃપા કરીને આપેલ લિંક : http://www.jmfinancialarc.com/Home/Assetsforsale OR https://www.bankauctions.in ની પણ મુલાકાત લઈ શકે છે.

**ઉધારકર્તા / જામીનદાર / મોર્ગેજરને સરફેસી એક્ટ હેઠળ વૈધાનિક ૩૦ દિવસની વેચાણ નોટીસ**
ઉપરોકત ઉધારકર્તા / જામીનદારોને આથી કલમ ૧૩(૨) હેઠળ નોટીસમાં દર્શાવેલ રકમ હરાજીની તારીખ પહેલાં ચડત વ્યાજ સાથે સંપૂર્ણ ચુકવાની સુચના આપવામાં આવે છે, જો નિષ્ફળ જાય તો મિલકતની હરાજી / વેચાણ કરવામાં આવશે અને ઉધારકર્તા / જામીનદારની બાકી લેણાં જો કોઈ વસુલ કરવામાં આવશે.

**તારીખ : ૦૨.૧૦.૨૦૨૪, સ્થળ : ગુજરાત** **સહી/-, (અધિકૃત અધિકારી), (અરણ્ય - ટ્રસ્ટ)**

## ARMAN HOLDINGS LIMITED

**CIN : L65993GJ1982PLC082961**
**Registered Office :** Office No.106, Sanskruti AC Market, Parvat Godadara BRTS Road, Parvat Patia, Surat – 391050.
**Tel :** 9586006569, **Email ID :** armanholdingsltd@gmail.com, **Website :** www.armanholdings.in

**RESULTS OF E-VOTING**

Pursuant to the provisions of section 108 of the Companies Act, 2013 read with Companies (Management and Administration) Rules, 2014 and in accordance with Regulation 44 of SEBI (LODR) Regulation 2015, the company has conducted the process of electronic voting (E-voting) on all the four resolutions stated in the Notice dated **14th August 2024.** The company has offered E-voting facility through CDSL to all the members of the company as on the Record Date 20/9/2024 to cast their vote electronically during the **E-voting period 23/9/2024 to 27/9/2024.** Mrs. Binu H Singh, Practicing Company Secretary has been appointed as the Scrutinizer and the E-voting results, as per her Report dated 30/9/2024 are as follows:

| Particulars of the Resolution | No of Votes Polled | No of Rejected Votes | Total Valid Votes | Votes in Favour | | Votes in Against | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | Nos | % | Nos | % |
| **Ordinary Resolution No. 1** To receive, consider, adopt the Audited Financial Statements alongwith Report of Board of Directors for the year ended March 31, 2024 | 3607736 | NIL | 3607736 | 3607734 | 100% | 2 | 0% |
| **Ordinary Resolution No. 2** To re-appoint Mrs. Priyadarshani Babel (DIN 06941999) as an Non-Executive and Non-Independent Director of the Company | 3578586 | NIL | 3578586 | 3578584 | 100% | 2 | 0% |
| **Special Resolution No. 3** To appoint of M/s. HRJ & Associates, Chartered Accountants (Firm Registration No. 138235W), as Statutory Auditors of the Company. | 3607736 | NIL | 3607736 | 3607734 | 100% | 2 | 0% |

By order of the Board
For Arman Holdings Limited
Sd/-
Drishti Singhal (Company Secretary)

Place : Surat
Date : 30.09.2024




# શું ચિરાગ પાસવાન કંગના રનૌતને ઈગ્નોર કરી રહ્યો છે?

રાજનીતિમાં પ્રવેશ્યા બાદ ગયા મહિને સંસદની બહાર કંગના રનૌત અને ચિરાગ પાસવાનની મુલાકાતની તસવીરો સામે આવી હતી. તે તસવીરોએ સોશિયલ મીડિયા પર ઘણી હેડલાઈન્સ બનાવી હતી, જે પછી કંગનાએ ચિરાગ સાથેના તેના બોન્ડિંગ વિશે નિવેદન આપ્યું હતું.ચિરાગ પાસવાન સાથેની તેની તસવીરો અંગે કંગનાએ કહ્યું હતું કે, હું ચિરાગને લાંબા સમયથી ઓળખું છું, તે મારો સારો મિત્ર છે, બીચારાએ એક-બે વાર શું હસાવી, તમે લોકો તો અમારી પાછળ જ પડી ગયા.કંગનાએ એમ પણ કહ્યું હતું કે હવે ચિરાગ પાસવાન તેને જોતાં જ પોતાનો રસ્તો બદલી નાખે છે.

ઈન્ડિયા ટુડે સાથે વાત કરતી વખતે કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને સ્પષ્ટ કર્યું કે કંગનાને જોઈને તેઓ પોતાનો રસ્તો બદલતા નથી. ચિરાગ પાસવાને હસતા હસતા કહ્યું કે, કંગનાએ વાત વાતમાં એમ જ આ નિવેદન આપ્યું છે.ચિરાગ પાસવાને કહ્યું, જો કોઈ જૂનો મિત્ર તમારી સાથે ગૃહમાં જોડાય છે, તો તે મારા માટે ખુશીની વાત છે. તે પણ સાંસદ છે અને હું પણ સાંસદ છું. અમે બંને એક જ ગઠબંધનમાં છીએ. અમારી જૂની ઓળખ છે.ખેડૂતો પર કંગના રનૌતના નિવેદન અંગે ચિરાગ પાસવાને કહ્યું, કંગના રનૌતને ઓળખનાર દરેક વ્યક્તિ જાણે છે કે કંગનાને સલાહની જરૂર નથી. તેના શબ્દો એવા છે કે જેનાથી તમે ચર્ચા કરી શકો. મને ખુશી છે કે તે તેના વિચારોને આગળ રાખે છે.કંગના અને ચિરાગ ૨૦૧૧માં મિલે ના મિલે હમમાં સાથે જોવા મળ્યા હતા. લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં જીત નોંધાવ્યા પછી, બંને ઘણા પ્રસંગોએ સાથે જોવા મળ્યા હતા.

